હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મને પણ બહુ સમજણ નથી પડતી પણ,એવું લાગે છે કે, તમારો વિકાસ થઈ ગયો છે... હવે દેશનો કરવાનો લાગે છે...!!!

વરસાદી મોસમમાં અખાદ્ય ખોરાકનો વેપલો વધ્યો

અખાદ્ય ખોરાક જેમ કે પાણી-પુરી, સેવપુરી, રગડાપેટીસ, આલુ ચાટ, ભેલપૂરી જેવી વસ્તુઓથી શહેરીજનોએ દૂર રહેવું જોઈએ : ચોમાસામાં શુદ્ધ અને સાત્વિક ખોરાક અપનાવવો હિતાવહ



શહેરમાં ચાલતી નાની-મોટી ખાણી-પીણીની રેકડીઓ ઉપર આરોગ્યતંત્ર ક્યારે લાલ આંખ કરશે ?

શહેરમાં વરસાદી માહોલ વચ્ચે અખાદ્ય ખોરાકનો વેપલો ધમધમી રહ્યો છે. શહેરમાં નાની-મોટી ખાણી-પીણીની લારીઓમાં શહેરીજનોની ભીડ જોવા મળી રહી છે. જેમાં માખીઓ બણબણતી રહે છે. મકોડા અને ફૂદાઓ ફરતા રહે છે. ત્યારે આ ખોરાક શહેરીજનો માટે હિતકારક ગણી જ ન શકાય. પાણીપુરી જેવી વસ્તુઓ જેમાં સાંજથી બટાકા બાફવામાં આવે અને તેનો રગડો સવારે તૈયાર કરીને આખો દિવસ ગ્રાહકોને ખવડાવવામાં આવે જે આ ઋતુમાં સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ચોમાસાના દિવસોમાં અખાદ્ય વસ્તુઓ શહેરીજનો માટે હાનિકારક સાબિત થઈ શકે છે. શહેરીજનો ચોમાસાના દિવસોમાં પણ ઘરના શુદ્ધ અને સાત્વીક ભોજનો ખાવાના બદલે બહારના ચટાકેદાર સ્વાદ માણી રહ્યા છે. જેમાં મોટા ભાગનો ખોરાક અખાદ્ય જોવા મળી રહ્યો છે. શહેરીજનો પાણીપુરીની લારીઓ પર ભીડ જમાવતા જોવા મળી રહ્યા છે. ચોમાસાની ઋતુમાં પાણીપુરી આરોગ્ય માટે નુકસાનરૂપ સાબિત થઈ શકે તેમ છે. તેથી શહેરીજનોએ ચેતવું જોઈએ. એક તરફ હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે ત્યારે આ અખાદ્ય ખોરાકથી વધુ માદંગી ફેલાશે તેવા અણસાર જોવા મળી રહ્યા છે. વરસાદ કોને ન ગમે. ચોમાસુ આવતા જ ગરમીથી રાહત મળે છે પરંતુ ચોમાસુ પોતાની સાથે અનેક રોગો પણ લાવે છે. ચોમાસામાં ખોરાક પ્રત્યે સાવધાની લેવી જોઈએ. ચોમાસામાં ઓઈલી ફૂડ વધારે ન ખાવું જોઈએ કારણ કે ચોમાસામાં ભેજ વધી જાય છે અને શરીરનું પાચનતંત્ર નબળુ બની જાય છે. પાણીપુરી, સેવપુરી, ભેલપુરી, આલૂચાટ જેવી ખાવાની વસ્તુઓથી શહેરીજનોએ દૂર રહેવુ જોઈએ. કારણ કે તેનાથી ઈન્ફેકશન ફેલાય છે. આ વસ્તુઓ બનાવતા જે પાણી ઉપયોગ કરાય છે તે ખરાબ હોઈ શકે છે. જેનાથી ડાયરિયા અને કમળો જેવા રોગોની સમસ્યા થવાનો ભય રહે છે. અગાઉથી કાપેલા અને છૂટક ફળ વરસાદના મોસમમાં ન ખાવા જોઈએ તેનાથી ઈન્ફેક્શન થઈ શકે છે અને ફળ ખાતા પહેલા પાણીથી ધોવા જોઈએ. વરસાદી પાણી, જંતુઓ અને વાતાવરણમાં રહેલાં ભેજના કારણે અનેક રોગો થવાની સંભાવના રહેલી છે. આવા સંજોગોમાં યોગ્ય આહાર અને શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં આવે તો રોગપ્રતિકારક શક્તિ વધુ મજબૂત થાય છે અને અનેક રોગોથી પણ બચી શકાય છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે સપ્તાહની રજા બાદ આજથી પુનઃ તેમનો કાર્યભાર સંભાળી લીધો છે.

● જિલ્લા આયોજન મંડળના ૨૦૧૮-૧૯થી સ્પીલ ઓવર થતા કામો અને તેની ગ્રાન્ટના વપરાશની મુદત ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે.

● ઈ.સીલ સરકાર એપ્લીકેશન માટે રાજ્યભરમાંથી પ્રતિસાદ ન મળતાં સરકારે તમામ જિલ્લાઓને આ અંગે પત્ર લખ્યો છે અને અમલીકરણમાં ઝડપ લાવવા તાકીદ કરી છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૧૭૪૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૫૩૧ લોકોને આ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. ગૌત્તમ નાયક અને આરસીએચઓ ડૉ. વૈશ્નવે જિલ્લાના ફાર્માસીસ્ટો સાથે દવાના જથ્થાને લઈ સમીક્ષા બેઠક યોજી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પંચાયતના કર્મચારીઓ માટે વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે મનપા ખાતે તેમની સાપ્તાહિકી સમીક્ષા બેઠક શાખાધિકારીઓ સાથે યોજી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે સાંજે હળવા વરસાદનું ઝાપટુ નોંધાયુ હતુ.

● કોરોનાને લઈ ગાંધીનગર શહેરમાં ૧-૬-૨૨ થી આજ દિવસ સુધીમાં ૨૪૮૪૪ લોકોના ચેમ્પલો લઈ ચકાસવામાં આવ્યા છે. આર.ટી.પી.સી.આર. ટેસ્ટ ૧૫૯૦૭ લોકોનો કરવામાં આવ્યો છે.

● જિલ્લાના માણસા તાલુકામાં બે કલાકના ગાળામાં એક ઈંચ કરતા વધુ વરસાદ નોધાયો છે.

લાયન્સ ક્લબ ઓફ ફેમિના દ્વારા આઈ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કણભા ગામે વરસતા વરસાદમાં આઈ ચેકઅપ કેમ્પ, ડાયાબિટીસ કેમ્પ હાડકાની તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આંખના ૩૨૫ જેટલા પેશન્ટોની તપાસ કરવામાં કરવામાં આવી જેમાં ૨૧૨ ચશ્માનું વિતરણ કર્યું હતું. ૧૫ મોતિયાના ઓપરેશન તથા વેલ વાળાનું ઓપરેશન તથા બે છારી વાળા ઓપરેશન કરવા માટે લાયન્સ કણૉવતી શાંતાબેન વિષ્ણુભાઈ આઈ હોસ્પિટલ ઓગણજ ખાતે મોકલવામાં આવ્યા હતા. ઓર્થોપેડિક તપાસ માટે ત્રિશા હોસ્પિટલ અમદાવાદ થી એક્સરે મશીન સાથે ટીમ આવી હતી જેમણે હાડકામાં ૧૦૦ થી વધારે પેશન્ટો ની તપાસ કરી જરૂર જણાય ત્યાં એક્સરે પણ પાડ્યા હતા. ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશર ના ૨૫૦ જેટલા પેશન્ટો ની તપાસ કરવામાં આવી હતી જેમાં ક્લબના મેમ્બર ડોક્ટર હિમાદ્રીબેન તથા ડોક્ટર વૈદેહીબેને સરસ સેવા આપી હતી.

કણભા રામજી મંદિરના મહંત પરશુરામદાસજી મહારાજ દ્વારા સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. કલબના પ્રમુખ ડિમ્પલબેન ઝોન ચેરમેન વૈશાલીબેન તથા કલબની સાઈટફર્સ્ટ કમીટીની બહેનોએ વરસતા વરસાદમાં કેમ્પ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર ઢોડિયા સમાજ સેવા ટ્રસ્ટ, દ્વારા અસરગ્રસ્તોને ૨૦૦ જેટલી કિટ્સનું વિતરણ

દક્ષિણ ગુજરાતમાં વરસેલા અનરાધાર વરસાદના કારણે અસરગ્રસ્ત ખાસ કરીને નવસારી જિલ્લાના જરૂરતમંદ લોકોને સહાય કરવા ગાંધીનગર ઢોડિયા સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા પહેલ કરવામાં આવી છે. આ સેવાકાર્ય માટે દાતાઓએ ટ્રસ્ટમાં ઉદાર હાથે દાન કર્યું છે.

જે ટ્રસ્ટ દ્વારા નવસારી જિલ્લાના ઝરી, વાંદરવેલા, સારવણી, હરણગામ, બામણવાડા, દોણજા ગામે ૨૦૦ જેટલી અનાજની કિટ્સ જેમાં ચોખા, દાળ, તેલ, હળદર, મીઠું મરચું, ખાંડ, ચા નું અસરગ્રસ્તોને વિતરણ કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત પ્રાથમિક ઉપચાર માટે દવાઓ પણ પૂરી પાડવામાં આવી હતી.

આ ભગીરથ કાર્યમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી અરવિંદભાઈ સાથે કલ્પેશ પટેલ, દિપકભાઈ પટેલ, સુનીલભાઈ પટેલ, ગિરિશભાઈ પટેલ, વિવેકભાઈ પટેલ, જીગ્નેશભાઈ પટેલ કૌશિકભાઈ પટેલ, પીન્ટુભાઈ પટેલ વગેરે આ સેવા કાર્યમાં જોડાયા હતા.

સે. ૩ પ્રાથમિક શાળાનો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૫

સે. ૩ ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળાના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા કેક કાપવામાં આવી હતી.

એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં વાલી ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં શનિવારે ધો. ૩ થી ૮ ની વિદ્યાર્થીની બહેનોના વાલીઓ માટે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી માત્રામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં સંસ્થાના ડાયરેક્ટર ડૉ. વીણાબેન પટેલ તથા વાલી પ્રતિનિધિ બાબુભાઈ ચૌધરી, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીની પ્રિયંકા સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય નીરૂબેન જે. પટેલે વર્ષ ૨૦૨૨-૨૩ વાર્ષિક શૈક્ષણિક તથા સહ અભ્યાસી પ્રવૃત્તિનું આયોજન પીપીટી દ્વારા રજૂ કર્યુ હતુ.

શિક્ષણ વિભાગના અધિક સચિવ ડો. ભાવેશ એરડા પીએચડી થયા



ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે ફરજ બજાવતા ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર ડૉ. હરેશ બી. બારોટના માર્ગદર્શન હેઠળ 'ફિઝીકલ એજ્યુકેશન-સ્પોર્ટ્સ મેનેજમેન્ટ' વિષય પર એક મહા નિબંધ લખીને ડોક્ટર ઓફ ફિલોસોફીની પદવી ૧૯ જુલાઈ, ૨૦૨૨ના રોજ પ્રાપ્ત કરી છે. તેઓ એક ખૂબ સારા તરવૈયા અને રાસ-ગરબાના નિવડેલ કલાકાર પણ છે. વ્યવસાયની સાથે સાથે અન્ય પ્રવૃત્તિઓમાં પણ શોખ ધરાવે છે. જો કે આમ તો એવું બનતું હોય છે કે માણસ માત્ર વ્યવસાય અને વ્યવહારમાં જ ગોઠવાઈ જાય અને પછી તેનુ મન શિક્ષણ અને અભ્યાસ પ્રત્યે બહુ આકર્ષિત થતું નથી સૌ પોત પોતાની ઘરેડમાં ગોઠવાઈ જાય છે પણ ડૉ. ભાવેશ એરડા એક અપવાદ તરીકે ઉભરી આવ્યા છે. ડૉ. ભાવેશ એરડાને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે લોકનૃત્યના કાર્યક્રમોનું આયોજન

ડુએટ, ગ્રુપ, અન્ય કોઈ પ્રાંતની ઝાંખી રજૂ કરતા નૃત્યુમાં ભાગ લેવા માટે સત્વરે એન્ટ્રી કરાવો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, ગાંધીનગર દ્વારા ઉજવાતો ગણેશ મહોત્સવ જે ગાંધીનગરનો સાચા શબ્દોમાં લોક ઉત્સુવ બનીને પાટનગરની સ્થાપનાકાળથી ઉજવાય છે. જે આ વખતે ૫૩મું વર્ષ ઉજવવા જઈ રહ્યું છે. જેમાં વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે 'સબંધો સજાવે સજાવટ તેમજ પ્રાંત આધારિત લોક નૃત્યુના કાર્યક્રમો'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ ૩૧ ઓગષ્ટથી ૬ સપ્ટેમ્બર દરમ્યાન સે. ૨૨ના રંગમંચ પર યોજાશે. આ કાર્યક્રમમાં મા-દીકરી/દીકરો, પિતા-પુત્ર/દીકરી, પતિ-પત્ની, સાસુ-વહુ, ભાઈ-બહેન, નણંદ-ભોજાઈ જેવા સંબંધોને ઉજાગર કરતી ડુએટ-ગ્રુપ તેમજ અન્ય કોઈ પ્રાંતની ઝાંખી રજૂ કરતી નૃત્યુ કૃતિ (ગ્રુપ) ૨ ઓગષ્ટ સુધીમાં નામ, મો. નંબર સાથે મિનાક્ષી ટ્રેડર્સ, પ્લોટ નં. ૩૮૧, તૃપ્તી પાર્લરની બાજુમાં, સે. ૧૬ ખાતે મોકલી આપવા માટે અધ્યક્ષ નિશીત વ્યાસે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમની વધુ માહિતી માટે પ્રોગ્રામ કોર્ડીનેટર વૈશાલી જોશી (મો. ૯૯૨૫૨૩૪૯૮૫) તેમજ ડિમ્પલ દેસાઈ (મો. ૯૯૨૫૨ ૩૪૯૯૦)નો સંપર્ક કરવા જણાવ્યુ હતુ.

નૈસર્ગીક સ્વાસ્થ્ય મંડળની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૫

નૈસર્ગીક સ્વાસ્થ્ય મંડળની સામાન્ય સભા તા.૩૧-૦૭-૨૦૨૨, રવિવારના રોજ સ્થળ - પ્લોટ.૩૪૨/૨, આર્યકુંજ ભવન, ગાંધીનગરમાં સમય - સવારે ૮.૩૦ થી ૯.૩૦ વાગ્યે યોજવામાં આવશે. તેમાં હિસાબો રજૂ કરવા અને નવા ટ્રસ્ટી-કારોબારીની નિમણૂક કરવા સાથે મંત્રી સ્થાનેથી રજુ થાય તે કાર્યવાહી અન્વયે દરેક સભ્યશ્રીઓને નમ્ર વિનંતી કે અચૂક હાજર રહેવા વિનંતી.

ચિલોડા ખાતે હર ઘર ત્રિરંગા અંતર્ગત ગ્રામસભા યોજાઈ

ચિલોડા, તા. ૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વતંત્ર પર્વને અમૃત મહોત્સવને એક અનોખી રાષ્ટ્રીય તહેવારને ઉજવવાનો સંકલ્પ કરતાં હર ઘર ત્રિરંગા દરેક નાગરિકના હૃદયમાં અને દિમાગમાં દેશભક્તિની ભાવના ઉચ્ચસ્તરે લઈ જવાનો એક વિશિષ્ટ કાર્યક્રમ તા. ૧૩મી ઓગષ્ટથી ૧૫મી ઓગષ્ટના રોજ ગ્રામીણ વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં લાખોની સંખ્યામાં રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવવાનો નિર્ધાર કર્યો છે. સ્કૂલ-કોલેજો-કચેરી, ઉદ્યોગો, સરકારી સંસ્થા, સાર્વજનિક સ્થળો પર રાષ્ટ્રધ્વજ સન્માન સાથે લહેરાવવાનો સંકલ્પ કર્યો છે.

આ અનુસંધાને ચિલોડા ગ્રામ પંચાયતની કચેરીમાં હર ઘર ત્રિરંગા, અંતર્ગત ખાસ ગ્રામસભાનું આયોજન ગામના સરપંચ, ડે. સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષદભાઈ, આરોગ્ય કર્મી ડૉ. કૌશલ નાયી, અગ્રણી જયમીનભાઈ પટેલ, શાંમળભાઈ પટેલ, પી.એલ.વી. નટુભાઈ પટેલ, પત્રકાર તથા અન્ય ગ્રામ આગેવાનોની ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ હતી.

જેમાં હર ઘર ત્રિરંગા અંગે ખાસ માન-સન્માન સાથે હર ઘર હર વ્યક્તિ ત્રિરંગો લહેરાવવાનો નિર્ધાર કર્યો હતો. અંતમાં આભારવિધિ નટુભાઈ પટેલે સર્વેનો આભાર વ્યક્ત કરી રાષ્ટ્રીય પર્વની ગરિમા જાળવવા અનુરોધ કર્યો હતો.